
# પોટલા ઉપર પોટલું ‘ને પોટલામાં સાડી

નબોલવામાં નવ ગુણ
★ નટવર પંડ્યા

હું રસ્તા પર ચાલતો જતો હતો. ત્યાં મને પેલું ગીત સંભળાયું ‘... માટલા ઉપર માટલું ને માટલામાં પૉણી’જરા આગળ જોયું તો એકભાઈ બાઈક પર ‘પોટલાં ઉપર પોટલુ ‘ને પોટલમાં સાડી’લઈને જતા હતા. એટલામાં જ મારા નામની એક બૂમ મારા કાને અથડાઈ. મેં બૂમની દિશામાં જોયું તો એક ભાઈનું એકટીવા સ્કૂટર ધરતીમાતાને પ્રણામ કરવા જમણી બાજુ 45 ડિગ્રીએ અડધું ઝૂક્યું હતું અને ચાલકભાઈ જમીન પર પગ ભરાવી, બે હાથે સ્કુટરનું હેન્ડલ પકડીને ગુરુત્વાકર્ષણ સામે જંગ આદર્યો હતો. ચાલક સ્કૂટરને ધરતીને ખોળે ન જવા વિનંતી કરી રહ્યા હતા. પણ સ્કૂટર પોતાના ઈરાદામાં મક્કમ હોય એવું લાગતું હતું. તેમના એકટીવાની આગળ અને પાછળ ‘પોટલા ઉપર પોટલું ‘ને પોટલામાં સાડી’હતી. આ દ્રશ્ય જોઈને મને વિચાર આવ્યો કે આ પોટલા નાખવા જતા ભાઈ પોટલી તો નહીં નાખી ગયા હોય ને! ત્યાં તો તેમણે મારા નામની બીજી બે ત્રણ બૂમો વહેતી મૂકી એટલે હું દોડીને તેમની પાસે પહોંચ્યો અને ‘આ નભ ઝુક્યું તે કાનજી’ની સ્થિતિમાં રહેલા, અર્ધઝૂકેલા સ્કૂટરને ઉપર તરફ ધક્કો મારી, ગુરુત્વાકર્ષણ સામે ગૌરવ ભર્યો વિજય પ્રાપ્ત કરીને તેને મૂળ સ્થિતિમાં લાવી દીધું.

તે ભાઈ અગાઉ અમારી સોસાયટીમાં રહેતો હતો. એટલે ચહેરે મહોરે હું ઓળખતો હતો. પણ નામ-ઠામ કશું યાદ નહોતું પણ તેને મારું નામ યાદ હતું. પોટલાવાળા ભાઈનો ચહેરો તો પોટલી નાખી ગયો હોય એવો લાગતો હતો. એમનું સ્કૂટર રા’ખેંગારના વખતનું હતું. મેં તેને કહ્યું કે સોરી ભાઈ મને તમારું નામ યાદ આવતું નથી. તેણે કહ્યું, “મારું નામ ખેંગાર, ખેંગારભાઈ!”મને થયું કે પોટલીને કારણે જ તેમના પોટલાને જમીનદોસ્ત થયા હશે કે શું!? પણ એવું પૂછાય તો નહીં! તેણે મને કહ્યું, “એક નાનકડું કામ કરશો!”મારે હા પાડયા વિના છૂટકો નહોતો. આવા ‘નાનકડા કામ’હાથમાં લઈએ પછી ખબર પડે કે તે આપણી ક્ષમતા કરતા બહુ મોટા છે. તેમણે કહ્યું, “આ પોટલું પકડીને મારી પાછળ બેસી જાવ ને,આપણે હમણાં પંદર મિનિટમાં પાછા આવી જઈશું. તમારે પગ છૂટ્ટો થાય ‘ને મારે પોટલા પહોંચી જાય. તમારે એક પંથ દો કાજ!”હું મોઢાનો મોળો એટલે ના ન પાડી શક્યો નહીં. હું સ્કૂટર પાછળ બંને હાથ ફેલાવી, સાડીઓનું જબરદસ્ત પોટલું પકડીને બેઠો. તેણે સ્કુટરને સેલ્ફ માર્યા પણ સ્કૂટર સ્ટાર્ટ ન થયું. તેમની આગળ અને પાછળ નાના મોટા પાંચ-સાત પોટલા એવી રીતે ખડકેલા હતા કે ચાલક દેખાય જ નહીં. દૂરથી જોનાર માણસને એમ જ લાગે કે આ સ્કૂટર કોઈ ભાઈથી નહીં પણ AIથી (એ. આઈ. થી) ચાલતું લાગે છે. ભાઈ તો ક્યાંય દેખાતા જ નથી. AI તો હવે લોકોના બખડાયેલા સંસાર પણ ચલાવી આપશે.

સેલ્ફ મારવાથી સ્કૂટર સ્ટાર્ટ ના થયું. હવે કીક મારવી પડે તેમ હતી. પણ અમારા બેમાંથી કોઈકે નીચે ઉતરવું પડે તેમ હતું. કહેવાય છે કે સિંહની સવારી કર્યા પછી નીચે ઉતરી શકાતું નથી. જો કે અમે સિંહની નહીં પણ સ્કૂટરની સવારી કરી હોવા છતાં નીચે ઉતરી શકીએ તેમ નહોતા. કારણ કે જેમ મોગલે આઝમમાં અનારકલીને દિવાલ વચ્ચે જીવતી ચણી દેવામાં આવે છે. એ જ સ્થિતિમાં પોટલાની વચ્ચે અમે ચણાઈ ગયા હતા. હું મૂંઝાયો પણ ખેંગાર મૂંઝાયો નહીં. કુદરત ગમે તેટલું મૂંઝવવા કરે તો પણ ક્યારેય ન મૂંઝાવું એ ખેંગારનો સ્વભાવ હતો. કેટલાક લોકો પાસે મૂંઝાવાના સબળ કારણો હોવા છતાં તે મુંઝાતા જ નથી. તે સામેવાળને જ મૂંઝવે. આમ ખેંગારે ફરીથી જાહેર જનતા જોગ એક બૂમ વહેતી મૂકી ‘એ..એ.. ભા..આ.આ..ઈ’તેથી ત્રણ ચાર જણે બૂમસર્જકની નોંધ લીધી. ખેંગારે તેમાંથી એક મજબૂત લાગતા ભાઈને બોલાવ્યા. ભાઈ મજબૂત હતા છતાં હવામાં ચંપાની ડાળી ડોલે એમ ડોલતા ડોલતા અમારી પાસે આવ્યા. તેમને ડોલતા જોઈને મને પેલું ગીત યાદ આવી ગયુ ‘...આજ રે સપનામાં મેં તો ડોલતા ડુંગર દીઠા જો..ઓ..ઓ..’ખેંગારે કહ્યું, ‘જરા કીક મારો ને!’તેણે કચકચાવીને પોટલાને કીક મારી.



**ત્યાં તો તેમણે મારા નામની બીજી બે ત્રણ બૂમો વહેતી મૂકી એટલે હું દોડીને તેમની પાસે પહોંચ્યો અને ‘આ નભ ઝુક્યું તે કાનજી’ની સ્થિતિમાં રહેલા, અર્ધઝૂકેલા સ્કૂટરને ઉપર તરફ ધક્કો મારી, ગુરુત્વાકર્ષણ સામે ગૌરવ ભર્યો વિજય પ્રાપ્ત કરીને તેને મૂળ સ્થિતિમાં લાવી દીધું**

અમે હાલકડોલક થઈ ગયા. ખેંગારે કહ્યું, “ભાઈસાબ, પોટલાને નહીં ગાડીને કીક મારો.”તેણે કહ્યું, “પૂરી ચોખવટ કરોને!”તે બોલ્યા, “લાવો કીક મારી દઉં!”એમ કહી તે કીક મારવા લાગ્યા. તેણે આઠ-દશ કીક મારી પણ સ્કૂટરનું નઘરોળ એન્જિન જાગ્યું નહીં. પછી ખેંગારે જરા નમીને જોયું અને બોલ્યો, “યાર તમે ગાડીના સ્ટેન્ડને (ઘોડીને) કીક મારી રહ્યા છો.”મને સમજાઈ ગયું કે ‘ભાઈને પણ કીક લાગી ગઈ છે!’કારણ કે તેઓ ગાડી તરફ આવતા હતા ત્યારે વિના ભૂકંપે ડોલતા’તા. છેવટે તેમણે અસલ કીક શોધી કાઢી અને તરત ફરિયાદ કરી કે આ કીક ઉપર પેડલ નથી,કીક કેમ મારવી? મેં તો સ્લીપર પહેર્યા છે કીક મારુ તો પગમાં વાગે. એટલે ખેંગારે પોતાનો એક જોડો તેને આપ્યો અને કહ્યું, આ લો, આ પહેરીને કીક મારો. તેણે ખેંગારના પેગડામાં (જોડામાં) પગ ઘાલ્યો અને પગ ઘાલતા જ તેનામાં ખેંગારી પાવર પ્રગટ્યો. પછી પાંચ-સાત કીક મારી પણ એન્જિન જાગ્યું નહીં. એટલે ખેંગારે કહ્યું, “મિત્ર, તમે અડધી જ કીક મારો છો. બરાબર જોર લગાવીને આખી કીક મારો.”એટલે પેલા ભાઈએ જબરું જોર લગાવી, કચકચાવીને એવી કીક મારી કે સ્કૂટર સ્ટાર્ટ થઈ ગયું. પણ તેનું મુક્ત પતન થઈ ગયું. પડ્યા પછી તેમણે મદદ માટે અમારા તરફ હાથ લંબાવ્યો પણ અમારા હાથ બંધાયેલા હતા. જો અમે તેને હાથ આપીએ તો પોટલા પડે. એટલે અમે તેને હાથ ન આપ્યો. એટલે તેઓ પડ્યા પડ્યા દર્દ ભર્યા સ્વરે બોલ્યા, “બસને! મતલબી દુનિયા!”પણ ખેંગાર મૂંઝાય તેમ નહોતો. તેણે તરત જ છીછ્ છીછ્છીછ્એવા છીછકારા બોલાવ્યા એટલે બાજુમાંથી પસાર થતાં એક માસીએ આંખોમાંથી અંગારા વરસાવતા ખેંગારની સામે જોયું. એક યુવાને પણ છીછકારાની દિશામાં જોયું. એટલે ખેંગારે વિનંતીના સ્વરમાં યુવાનને કહ્યું, “આ ભાઈને ઊભા થવા માટે જરા હાથ આપોને!”યુવાને તેને હાથ આપ્યો, બંનેનો મજબૂત હસ્તમેળાપ થયો અને ભાઈ ઊભા થયા. હવે ઊભેલી સ્થિતિમાં તેમને જોતા મને લાગ્યું કે તેઓ વધારે સમય વર્ટિકલ સ્થિતિમાં નહીં રહી શકે!

હવે ખેંગારે સ્કૂટર ચલાવ્યું. સ્કૂટર સર્પાકાર ગતિએ ચાલતું હોવાથી મને થયું કે તેમણે જરૂર કરતા (!?) વધારે લઈ લીધું લાગે છે. પણ ગતિ વધી અને સ્કૂટર રૈખિક ગતિએ ચાલવા લાગ્યું એટલે હાશ થઈ. મારી આગળના પોટલા આડે હું આખે આખો દબાઈ ગયો હતો. મેં પોટલાને પકડી રાખ્યું હતું.

આમાં પોટલાને કારણે હું સ્કૂટર પર ટક્યો છું કે મારા કારણે પોટલું ટક્યું છે તે નક્કી થઈ શકે તેમ નહોતું. ગુરુદ્રોણે યોજેલી પરીક્ષા વખતે અર્જુનને જેમ ચકલીની આંખ સિવાય કશું જ દેખાતું નહોતું. એમ મને હવે પોટલા સિવાય કશું જ દેખાતું નહોતું. ખેંગારે કહ્યું, “પડી જવાની બીક લાગતી હોય તો મારો ખભો પકડી રાખજો.”પણ આ સ્કૂટર પર બેઠા પછી લાગ્યું કે મારે તેનો ખભો પકડવાની નહીં પણ તેણે મને ‘ખભો આપવાની’જરૂર પડશે! મેં હાથથી કશુંક પકડ્યું હતું પણ તે પોટલું હતું, ખેંગારનો ખભો હતો કે ઝભ્ભો હતો, કશું નક્કી થઈ શકતું નહોતું.

ખેંગારનું સ્કૂટર રા’ખેંગારના વખતનું હતું એટલે નીચે પગ રાખવાના પેડલ નહોતા. તેથી પગને ઘૂંટણથી પાછળ તરફ વાળી અને યંત્રાસનમાં બેસવાનું હતું. આ આસન પેલા સુંદર આંખોવાળા બાબાને પણ ન આવડે. પણ સરવાળે હું અકળાઈ ગયો હતો. જેમ વૈરાગી જીવ વહેલામાં વહેલી તકે સંસારની મોહમાયા ત્યાગવાનું વિચારે એમ મને પણ પોટલા પ્રત્યે પૂરેપૂરો વૈરાગ જાગી ચૂક્યો હતો. તેથી હું એ પોટલાને ત્યાગવાનું વિચારતો હતો. પણ અહીં મારી સ્થિતિ સંસારી માણસ જેવી હતી કે હું વિચારું પણ ત્યાગી ન શકું.

છતાંય મારા હૃદયમાં પોટલા પ્રત્યે વૈરાગનો અગ્નિ ઝળહળતો હતો. જેના હૃદયમાં ખરેખર વૈરાગ જાગી ચૂક્યો હોય છતાં તે સંસાર ત્યાગી શકતો ન હોય ત્યારે ઈશ્વર તેના માટે કોઈ ઋષિ મુનિ કે સંતને પ્રેરણા કરે છે અને તે સંત તેને સંસારમાંથી મુક્તિ અપાવે છે. હું પણ પોટલા મુક્તિ ઝંખી રહ્યો હતો. પણ ક્યાંય આશાનું કિરણ દેખાતું નહોતું. પણ કહ્યું છે ને કે લાખો નિરાશાઓમાં એક અમર આશા છુપાયેલી હોય છે. આમ હું વૈરાગના વિચારોના વનવગડામાં ખોવાયેલો હતો ત્યાં જ ટ્રાફિક સિગ્નલ આવ્યું.પોલીસે સીટી મારી સ્કૂટર અટકાવ્યું અને ખેંગારને બોલાવ્યો. પણ તે એકલે હાથે પોટલામાંથી નીકળી શકે તેમ નહોતો. એટલે તે પોલીસ પાસે ન ગયો પણ પોલીસ-જમાદાર ખેંગાર સુધી આવ્યા. એટલે કે ઘોડો નદી સુધી ન ગયો પણ નદી ઘોડા સુધી આવી.આ ઘટનાથી પેલો શેર યાદ આવી ગયો કે ‘ હતા મહેમાન એવા કે ઉતારા દોડતા આવ્યા’પોલીસે હાથથી ખેંચીને ખેંગારને સ્કુટરથી વિમુક્ત કર્યો.પછી તરત જ જમાદારે મેમો-ચલણ બુક કાઢીને કહ્યું, “નામ બોલો!”ખેંગારે મેમોથી બચવા માટે બધા અજમાવે છે એવા દાવ અજમાવ્યા. પણ સફળતા મળી નહીં. પોલીસે બે હજારનો ચાંદલો કર્યો. ખેંગારે મને હળવેથી કહ્યું, “કાંઈ હજાર-બે હજાર જેવું પડ્યું છે, ખિસ્સામાં!”હતાં ખરા, પણ મેં ચોખ્ખી ના પાડી. ત્યાં જમાદારે ખેંગારને કહ્યું, “તમારો બ્રેથ આલ્કો ટેસ્ટ પણ કરવો પડશે”ખેંગાર સમજ્યો નહીં એટલે તેણે પોલીસને પૂછ્યું કે “શું!

પેલો ફૂંકણિયો ટેસ્ટ!”પોલીસ કહે, “હા.”એ ટેસ્ટ રસપ્રદ હોય છે.(જો બીજાનો કરે તો!) મારી ઘણી ઈચ્છા હોવા છતાં હું તે ટેસ્ટ (મેચ) જોવા રોકાયો નહીં. કારણ કે ન કરે નારાયણને જમાદાર આપણો ય ‘ફૂંકણિયો ટેસ્ટ’કરે તો! આપણા કરમની કઠણાઈ હોય અને યંત્રમાં ખરાબી હોય અને આપણે ભૂંગળીમાં ફૂંક મારીએ ‘ને લાલ લાઈટ થાય, તો પછી પોલીસને કેમ સમજાવવું કે ‘ફોલ્ટ મારામાં નહીં મશીનમાં છે. માટે મારો નહીં મશીનનો ટેસ્ટ કરાવો.!’આવું વિચારીને મેં ત્યાંથી પોચા પગે વિદાય લીધી થોડી દૂર ચાલ્યો ત્યાં ફરી પાછું પેલું ગીત સંભળાયું ‘માટલા ઉપર માટલું ‘ને’(સમાપ્ત)

## -:: ગરમાગરમ ::-

***ખુશીની વ્યાખ્યા:-** શેરબજારમાં અસલી ખુશી એ નથી કે તમારો શેર ઉપર ગયો, પણ અસલી ખુશી એ છે કે તમે જે શેર વેચી દીધો એ બીજા જ દિવસે ક્રેશ થઈ ગયો!*